Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-3, Continuous Issue-32, July - August 2025

# મલકનો ઝુરાપો રજૂ કરતી કથા - 'મલક'

-ડૉ. કિંજલ સુરેશકુમાર પંચાલ

સમાજ બદલાતો રહે છે. તેમ તેમ સાહિત્યનો ઈતિહાસ પણ બદલાતો રહે છે. ગુજરાતી સાહિત્યમાં પણ કેટલાક પરિવર્તનો આવ્યાં. જેમ કે ગાંધીયુગ, અનુગાંધી યુગ, આધુનિક યુગ, અને અનુઆધુનિક યુગ અને આજ ગાળામાં દલિતો- પીડિતો વિશેનું, વિદ્રોહી સાહિત્ય, આપણું સાહિત્ય, જનવાદી સાહિત્ય, નારીવાદી સાહિત્ય વગેરે સાહિત્ય લખાયું. અને આ યુગ અનુઆધુનિક યુગ તરીકે ઓળખાયો. આજ ગાળામાં શ્રી દલપત ચૌહાણ અનુઆધુનિક ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રવર્તમાન દલિતસર્જક તરીકે નામના પામ્યા.

શ્રી દલપત ચૌહાણનો જન્મ ૧૦ એપ્રિલ, ૧૯૪૦ના રોજ મેહસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મંડાલી ગામે થયો હતો. તેમણે ૧૯૬૪માં અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ. નો અભ્યાસ કર્યો અને તેઓ ૧૯૬૬માં સરકારી સેવામાં કાર્યરત રહીને ૧૯૯૮માં નિવૃત થયા. તેઓ નવલકથાકાર, વાર્તાકાર, કવિ, નાટ્યકાર, એકાંકીકાર, નિબંધકાર, વિવેચક, ઈતિહાસકાર, કોશકાર અને સંપાદક છે.

૧૬ પ્રકરણ અને ૧૮૦ પૃષ્ઠમાં વિસ્તરેલી શ્રી દલપત ચૌહાણની 'મલક' લઘુનવલમાં દલિત પુરુષ અને પરિણીત સ્વર્ણ સ્ત્રી સાથેના સંબંધને અને સંબંધમાંથી ઊભા થતા તણાવ અને દલિતોને કરવી પડતી હિજરતની અને આ હિજરત કરી ગયેલા માનવીઓની મલક છોડવાની વેદના કેવી કષ્ટદાયક છે. તેની કથા અહી નિરૂપવામાં આવી છે.

'મલક' લઘુનવલના કેન્દ્રમાં દલિત સમાજ છે, જે આઝાદી પૂર્વેના ગામડામાં વસે છે. દલિતોનું શોષણ આર્થિક અને સામાજિક તો છે જ, અહીં દલિત યુવક અને સ્વર્ણ સ્ત્રી વચ્ચે સ્થપાયેલ સંબંધ છે. આવું તો ભાગ્યે જ બનતું હોય છે. પણ અહીં યુવતી સંતોકનો પતિ નપુસંક છે. અને તેથી જ તે દલિત ખેતમજૂર ભગાના ગાઢ સંપર્કમાં મુકાય છે. પણ તોય શરીર સંબંધ લાગણી રૂપે વિકસે છે. સંતોક અને ભગો આવેગમાં ખેચાઈ મેળો માળતાં લોકોની નજરે ચઢે છે. મેળામાં સંતોક પોતે જ પૈસા આપી ભગાના હાથે બંગળી પહેરે છે. આ એક પ્રમાણ તો લોક નજરે હતું જ. ત્યાં જ બીજું પ્રમાણ ગોદડ હોમળના ઘરે પુત્ર જન્મ થાય છે. તે બાળક અસલ ભગા જેવું જ છે, તેવું દાયણ ફતામા ખાનગીમાં જાહેર કરે છે. એ પુત્ર જન્મ દલિતોને હિજરત કરવાનું કારણ બને છે. આ વાત ગામમાં ભરપૂર વેગે ચડે છે. તો અહીં અભિમાન અને સ્વમાનની વાત પણ આવે છે. કેટલાક તો આ વાત ને અહીં થી જ બંધ કરી દેવાનું કહે છે, તો કેટલાક તો ક્રોધે પણ ભરાય છે. બીજા ગામના લોકો ગામની બહેન દીકરીઓ સાથે સંબંધ નહીં બાંધે. તેથી અહીં ગામ લોકોનું સ્વમાન ઘવાય છે. અહીં લાંછનની વાત પણ છે, અને સ્વમાનની વાત પણ છે. અહીં અંત્યજો પર આફતના પહાડ તૂટી પડે છે. વાસ પર રાત્રીના સમયમાં પથ્થર ફેકવામાં આવે છે. અંતે ગામ લોકો વણકર વાસ સળગાવી દેવાનું નક્કી કરે છે. અને વાસ સળગાવી દેવામાં આવે તે પહેલાં અંત્યજોને ખબર પડી જાય છે. હુમલો થયાની રાતે જ તેઓ હિજરત કરે છે. અને આ ઘટના જ હિજરત કરવાનું કારણ બને છે. અને ત્યાંથી ચાલી નિકળે છે,બસ એક નવા મલકની શોધમાં.

મલક લઘુનવલ દલિત સમાજના બહુનાયકોના મુખે મુકાયેલી વાસ્તવિક જીવનને આલેખતી જીવંત કથા છે. અસ્પૃશ્યો પ્રત્યે સ્વર્ણ સમાજની ધૃણા, વેરભાવ, તિરસ્કાર, દ્રેષ, ધિક્કાર વગેરે જેવા સૂત્રનું વાસ્તવદર્શી નિરૂપણ 'મલક' લઘુનવલમાં છે. લઘુનવલમાં છગન, ગોકળ, રમણ, ભગો, ભગત, જેવા યુવાનોની માનસિકતા, વ્યથા અને આક્રોશને લેખકે કલાત્મક રીતે પ્રગટાવ્યાં છે.

પરબ, મરેલા ઢોર ખેંચી જવા, સૂતરના ખાટલા ભરવા, તાણોવાણો કરવા જેવા કાર્યો દલિત સમાજમાં અભાવનું દર્શન કરાવે છે. કથા આઝાદી પૂર્વેના ગામડાનું જીવંત દ્રશ્ય આલેખે છે. ‘મલક’ લઘુનવલ નાયક પ્રધાન લઘુવનલ છે. વિવિધ કથાનાયકો દ્વારા રચાયેલ પ્રકરણની ગુંથણી વસ્તુસંકલનની દ્રષ્ટિએ આગવી ભાત રચી આપી છે.

લઘુનવલમાં આવતા પાત્રાલેખન તરફ નજર કરીએ તો ગોદડ હોમળાના ઘરે પુત્ર જન્મતા વાત આખા ગામનાં મોટેરાઓ સુધી પહોંચે છે. વાતમાં કાંઈ રહસ્ય હોય એમ બધા વાત સાંભળવા એકાગ્ર થઈ જાય છે. લેખક અહીં સ્ત્રીઓ વચ્ચે થયેલી વાત અસલ લેહકામાં સંભળાવે છે :

“સોકરું સઅ તો ભફલા જેવું રૂપાળું ખરું... અદ્દલ...' કહેતાં ફતામા અટકયાં. ‘ચ્યમ બુન, આગેળ બોલ્યાં નઈ?’ ‘એ તો જરા જીભ કચરાય એવું સઅ. હાહરું સોકરું અદ્દલ પેલા ઈમના હાથી ભગા ઢે... જેવું સઅ.' ફતામા એકશ્વાસે આખું વાક્ય બોલી ગયાં. ‘ઈમ... તાણ !’ અન આ આખી વાત મી મોંચામઅ પડ્યાં પડ્યાં હાંભળી.”(પૃ.-૫)

આ લઘુનવલની ભાષાસૃષ્ટિ તરફ નજર કરીએ તો ઉતર ગુજરાતની પટ્ટણીબોલીની છે. જેમાં જ્યાં જરૂર જણાય ત્યાં સર્જકે સંવાદ, રૂઢિપ્રયોગ, કહેવતો, લોકબોલીના શબ્દોનો પણ ઉપયોગ કર્યો છે. લઘુનવલમાં આવતા કેટલાક ભાષાના ઉદાહરણ જોઈ એ તો-

“તે અજીય ધરાયા નહીં,આટલા દનથી તો તમારાં ખૂખાંમઅ ભરઈ રઈ સું, તોય ?”(પૃ.-૮)

“તારું નોમ,હાડી હત્તરવાર લેવાનો, લે બોલ; આંય કનકઅ આવઅ સકઅ નઈ ?”(પૃ.-૯)

“આ બેતૈણ દાડાથી વાહમઅ પથરાંનો વરહાદ પડઅ સઅ.”(પૃ.-૨૨)

કૃતિમાં આવતા સંવાદ અને સંઘર્ષો વાચકોને જકડી રાખે છે. ઉજળીયાતોની જોહુકમી, ઈર્ષા, વેર-વૃતિને સહનના કરી શકતા રમણ જેવા યુવાનનાં સંવાદમાં જોવા મળે છે,-

“હાળાં ઓજાં અનઅ કોળાં દિયોર બવ ફાટ્યાં સઅ, આજ તો વારો સઅ લેતી જા, કઅ આલતી જા! ઈન્ની બુન્નહુ... એ હું હમજસઅ દિયોર!” રમણ બોલતો રહ્યો.

“અમઅ તું સોનો રઈસ રમણિયા!” ગોકળે રમણને કહ્યું.

“મુ તો સોનો રઈ જ્યો, બસ ઢે... એકલાં જ ગનો કરઅ સ ચ્યમ નઈ; ન્યાય કરવો હોય તો, લડઈ થવા દો, ખબેર પડસે નિયાય ચેવો સઅ!”(પૃ.-૩૧)

લઘુનવલમાં આવતા લોકબોલીના શબ્દો જેમકે- ડેંકલી, ઉતા, મોટીયારી, સા, ગવાડા, પાશેરો, કરાંઝો, ઓડે, ઓળાબ્બા, કહર, ભાયારી, ચોચી, નેહરી, નઈડાં, વગેરે... પાડાના વાંકઅ પખાલીનઅ ડાંમ, કબૂતર પેસે તો કૂવો વંઠે ને ભગતડું પેસે તો ઘર વંઠે, હાહરો પાડાનો વાંક, નઅ પખાલીનઅ ડોંમ જેવી કહેવતો કૃતિની આગવી ઓળખ ઊભી કરે છે.

પ્રસ્તુત લઘુનવલમાં લેખકે ગામ છોડવાનું સંવેદન કોઈ એક વ્યક્તિ દ્વારા નહીં, પણ સમૂહ દ્વારા વ્યક્ત કર્યું છે. ગામ છોડવું પડશે એનો અણસાર આવતાં જ છગનને સીમ, વાસ, ઘર જાણે નજીક બોલાવે છે. તેવું સંવેદન દ્વારા જગવે છે. વ્યક્તિના ગુનાની સજા આખો પરિવાર નહીં પરંતુ આખો વાસ ભોગવે એમાં નૈસર્ગિક ન્યાય નથી. તો અન્યાયો જુલમનું રૂપ ધારણ કરે છે. આવા જુલમો વેઠવા ગુજરાતનો દલિત સમાજ આઝાદી પૂર્વે ટેવાયેલ હતો. હિજરતની ઘટના લેખકે સ્મૃતિમાંથી સાકર કરેલી જણાય છે. તો હિજરત કરી ગયેલ માનવીઓ પોતાના મલક સાથે રહી વિતાવેલી પળો, વીતેલું જીવન યાદ કરી પોતાના ‘મલક’ ને છોડી બીજા ‘મલક’માં સ્થાઈ થવાની વિટંબણા હૃદયમાં વંટોળની જેમ વીંઝાવા માંડે છે. જ્યાં જઈશું ત્યાં વેઠ, મજૂરી, ઓરમાયાપણું, આભડછેટ પડછાયાની જેમ સાથે આવશે. જેવી વાસ્તવિકતાઓને સૂચવતી આ લઘુનવલ છે. કયે મલક જવું એવા પ્રશ્નો છે

તો બીજું બાજુ મલક જેવો મલક પડ્યો છે. જેવો સધિયારો બાંધે છે. આ લઘુનવલ વિશે કહી શકાય કે ‘મલક’ એ મલકનો ઝુરાપો રજૂ કરતી કથા છે.


સંદર્ભ ગ્રંથ :

૧) ‘મલક’, દલપત ચૌહાણ, પુનર્મુદ્રણ આવૃતિ ૨૦૦૭, હર્ષ પ્રકાશન, અમદાવાદ


---


ડૉ. કિંજલ સુરેશકુમાર પંચાલ

જી – ૧૨, શ્યામગોકુલ એપાર્ટમેન્ટ, ઈશ્વરઅમી કૃપા ફલેટની પાછળ, સાલપરા, વેજલપુર,

અમદાવાદ, પિનકોડ : ૩૮૦૦૫૧

મો. ૭૦૧૬૬૭૬૪૩૯